# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18/08/2025** **Morning : 7.10 to 7.20**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **રાજ્યમાં મેઘમહેર યથાવત્, સવારના ચાર વાગ્યા સુધીમાં 190 તાલુકાઓમાં વરસાદ, સૌથી વધુ ધોરાજીમાં ત્રણ ઇંચ વરસાદ**
2. **સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં આજે ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી**
3. **અમદાવાદ ગ્રામ્ય S.O.G.એ પ્રતિબંધિત એમ્બરગ્રીસ સાથે બે વ્યક્તિની ધરપકડ કરી**
4. **સુરેન્દ્રનગર અમદાવાદ હાઇવે પર ગઇકાલે સર્જાયેલા અકસ્માતમાં છ મહિલા સહિત આઠનાં મોત.**
5. **આજે શ્રાવણ માસના છેલ્લા સોમવારે વહેલી સવારથી જ શિવમંદિરોમાં ભક્તોની ભીડ.**
6. **ગુજરાત સ્ટેટ ફૂટબાલ એસોશિયેશન દ્વારા આયોજિત સિનિયર મેન્સ ક્લબ ચેમ્પિયનશીપ 2025-26નો પ્રારંભ**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# STATE RAIN

રાજ્યભરમાં બીજા દિવસે પણ મેઘમહેર યથાવત્ રહી છે. ગઇકાલે સવારે છ વાગ્યાથી આજે સવારના ચાર વાગ્યા સુધીમાં રાજ્યભરના 190 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ રાજકોટના ધોરાજીમાં ત્રણ ઇંચ કરતાં વધુ જૂનાગઢના માણિયા હાટિનામાં પોણા ત્રણ ઇંચ જ્યારે કચ્છ ના અબડાસા તેમજ ડાંગના આહવામાં સવા બે ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર અને ખંભાળિયા તાલુકામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ધોધમાર વરસાદને પગલે ભાટિયા અને રાવલની બજારોમાં પાણી ફરી વળ્યા હતા. ખંભાળિયાના ભાડથર, માંઝા, વીંજલપર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ધોધમાર વરસાદ પડ્યો હતો. ભાવનગર જિલ્લાના ચાર તાલુકામાં ગઇકાલે નોંધપાત્ર વરસાદ પડ્યો હતો. મહુવામાં **1** ઇંચ જ્યારે પાલીતાણા અને શિહોરમાં પોણો ઈંચ વરસાદ નોંધાયો હતો.

બનાસકાંઠાના કાંકરેજ, ભીલડી, દિયોદર સહિતના પંથકમાં વરસાદ હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો હતો.જૂનાગઢ જિલ્લામાં સીઝનનો **50%** જેટલો વરસાદ નોંધાયો છે. ગઇકાલે જીલ્લામાં સારોએવો વરસાદ થતાં કપાસ અને મગફળીના પાકને ફાયદો થશે.

---

# WEATHER

હવામાન વિભાગે આજે રાજ્યના પોરબંદર , જુનાગઢ, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં છુટા છવાયા સ્થળોએ ભારેથી અતિ

**ભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ જ્યારે બનાસકાંઠા , પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લા તથા દીવમાં ભારે વરસાદને લઈને યલો એલર્ટ આપ્યું છે.**

**જ્યારે અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં આજે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. ગઇકાલે નવી લો પ્રેશર સિસ્ટમ પણ સક્રિય થતા આગામી દિવસોમાં રાજ્યમાં વરસાદનું જોર રહેશે.જેને લઈને માછીમારોને આગામી 21 ઑગસ્ટ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.**

**(બાઈટ – પ્રદિપ શર્મા,)**

---

## AHMEDABAD SOG

**અમદાવાદના સાણંદ – સરખેજ હાઈવે પરથી અમદાવાદ ગ્રામ્ય એસઓજીએ એમ્બ્રરગ્રીસ સાથે બે વ્યક્તિઓની ધરપકડ કરી છે. અતિ કિંમતી ગણાતી અને પ્રતિબંધિત વ્હેલ માછલીની વોમિટને વેચવાનો પ્રયાસ કરનારા ભાવનગરના બે વ્યક્તિઓને ઝડપી લેવાયા હતા. પકડાયેલા પદાર્થની કિંમત બે કરોડ 96 લાખનો હોવાની માહિતી અમદાવાદ ગ્રામ્ય એસઓજીના ડીવાયએસપી તપન સિંહ ડોડિયાએ આપી હતી.**

**બાઇટ- તપનસિંહ ડોડિયા, Dy. SP. SOG**

---

# MAHESANA NASHAMUKTI

મહેસાણા જિલ્લામાં સમાજ સુરક્ષા વિભાગ દ્વારા ચાલી રહેલા નશામુક્ત ભારત અભિયાન હેઠળ લોક જાગૃતિના કાર્યક્રમો તેમજ લોકોને નશામુક્તિ ના શપથ લેવડાવવામાં આવ્યા. હોમગાર્ડના **1300** જવાનો ઉપરાત દૂધસાગર ડેરી , સરકારી સંસ્થાઓ અને કચેરીઓ આ અભિયાનમાં જોડાઈ છે.

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી આરતી બોરીચાના જણાવ્યા અનુસાર જિલ્લામાં **50** હજાર લોકો સુધી જુદી જુદી રીતે વ્યસન મુક્તિ નો સંદેશો પહોચડવામાં આવ્યો છે.

---

# SURENDRANAGAR-ACCIDENT

ગુજરાતના સુરેન્દ્રનગરના કોઠારીયા નજીક વઢવાણ અમદાવાદ હાઇવે પર દેદાદરા અને જમર ગામ વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાતા એક જ પરિવારના 8 સભ્યોના મોત થયા છે.

સુરેન્દ્રનગરથી અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે ગઇકાલે બે કાર સામસામે અથડાયા બાદ કારમાં ધડાકાભેર આગ લાગી હતી. જોતજોતામાં કાર બળીને ખાખ થઇ ગઈ હતી. લખતર તાલુકાના કડુ ગામેથી સુરેન્દ્રનગર તરફ જતા પરિવારને આ આકસ્માત થયો હતો.

અકસ્માતની જાણ થતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહોને સુરેન્દ્રનગર હોસ્પિટલ ખાતે પહોંચાડવાની તજવીજ હાથ ધરી હતી. મૃતકોમાં એક પુરૂષ, એક બાળાઓ અને છ મહિલાઓનો સમાવેશ થાય છે. મૃતકો ,

જામનગર, સુરેન્દ્રનગર, ભાવનગર અને કચ્છના રહેવાસી હોવાની પ્રાથમિક માહિતી મળી છે.

---

## SHRAVN LAST MONDAY

આજે શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારે સોમનાથ અને  નાગેશ્વર જ્યોતિર્લીંગ સહિત રાજ્યના વિવિધ શિવમંદિરોમાં વહેલી સવારથી ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. મંદિરો “હર હર મહાદેવ”ના નાદથી ગૂંજી ઉઠ્યા છે.

શ્રદ્ધાળુઓ ભગવાન શિવને દૂધ ,કાળા તલ અને બિલી પત્રો અર્પણ કરી રહ્યા છે.સોમનાથ અને નાગેશ્વર ખાતે વિશેષ પુજાનું આયોજન કરાયું છે.  આજના દિવસે રુદ્રાભિષેકનું વિશેષ મહત્વ રહેલું છે.

---

## CHOTAUDAIPUR KAWAD YATRA

છોટાઉદેપુરના ફેરકુવા  ગામના શ્રી ગણેશ યુવક મંડળ દ્વારા કાવડ યાત્રાનું આયોજન કરાયું, 45 જેટલા યુવાનો દ્વારા હાફેશ્વરથી માં નર્મદાનું કાવડમાં પવિત્ર જળ લઈ પોતાના ફેરકુવા પરત જવા નીકળ્યા.

આ યાત્રા દરમિયાન  યુવાનો દ્વારા મા નર્મદાનું પવિત્ર જળ લઈને રસ્તામાં આવતા શિવાલયોમાં પણ જળ અભિષેક કરવામાં આવ્યું, યુવાનો દ્વારા હાફેશ્વરથી ફેરકુવા 95 જેટલા કિલોમીટર કાવડ યાત્રા કરી પરત ફેરકુવા જવા નીકળ્યા હતા.યુવાનો દ્વારા આજે ફેરકુવા ગામના નીલ કંઠેશ્વર મહાદેવ મંદિરે જળા અભિષેક કરવાનો સંકલ્પ છે.

---

## SHIVDARSHAN

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ભગવાન શિવના દર્શન નો અનોખો મહિમા હોય છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકા માં આવેલા આરસોડિયા ગામ પાસે સપ્તેશ્વર મંદિરે શિવ દર્શનનું બે દિવસ માટે આયોજન કરાયું છે . જેમાં અમદાવાદના શિવભક્ત હસમુખ પટેલ દ્વારા માત્ર ત્રણ પેનનો ઉપયોગ કરી ભગવાન શિવની **600**થી વધુ કલાકૃતિઓ પ્રદર્શિત કરાઇ છે.

સ્વયં સ્ફુર્ણાથી તેમણે તમામ ભગવાન શંકરના વિવિધ પ્રંસગો જેવા કે શિવ તાંડવ, ગંગા અવતરણ, ભસ્માસુર વધ જેવા પ્રસંગોને આવરી લઈને ચિત્રો દોર્યા છે. સમાજ ના છેલ્લા વ્યક્તિ સુધી સામાજિક ક્રાંતિ લાવવાઆ ચિત્રો સ્વરૂપે વિશેષ પ્રયાસ કરી રહ્યાં હોવાનું તેઓ માની રહ્યાં છે.

**બાઈટ હસમુખ પટેલ,શિવ ભક્ત,અમદાવાદ**

---

## DANG TOURIST

ડાંગ જિલ્લામાં વરસાદી માહોલ વચ્ચે ગિરિમથક સાપુતારા ડોન હિલ સ્ટેશન વઘઈ ગીરાધોધ અને બોટનિકલ ગાર્ડન જેવા જોવા લાયક પ્રવાસન સ્થળોએ મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા.

ડાંગ જિલ્લામાં પ્રવાસીઓનું ઘોડાપૂર ઉમટતા ઘણા સ્થળો એ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. હાલ ડાંગ જિલ્લામાં વરસાદ વરસી રહ્યો છે ત્યારે ખુશનુંમાં વાતાવરણ વચ્ચે ગીરા ધોધ પણ ખીલી ઉઠ્યો છે. ડાંગ જિલ્લાનું સૌંદર્ય માણવા પ્રવાસીઓ શનિ રવીવારે ઉમટી રહ્યાં છે.

ગિરિમથક સાપુતારામાં મોનસુન ફેસ્ટિવલનો છેલ્લો દિવસ હોવાથી લોકોએ વરસાદની સાથે સંગીત ની મજા માણી હતી.. જોકે પ્રવાસીઓના ધસારાને કારણે સ્થાનિક લોકોને રોજગારી પણ મળી રહી છે..

---

## FOOTBALL

ગુજરાત સ્ટેટ ફૂટબાલ અસોશિએશન દ્વારા આયોજિત સીનિયર મેન્સ ક્લબ ચેમ્પિયનશીપ **2025-26**નો ગઇકાલથી પ્રારંભ થયો છે..

આ ક્લબ ચેમ્પિયનશીપમાં ચેમ્પિયનને એક લાખ, રનર્સ અપને 75 હજાર, ત્રીજા સ્થાને આવનારને 50 હજાર અને ચોથા સ્થાને આવનારને 25 હજારના ઇનામો તથા ટ્રોફી અને મેડલ આપવામાં આવે છે.

ગઇકાલે રમાયેલ મેચમાં વડોદરા વંડર્સે ચાંદખેડા **F.C.**ને 5-0 થી મહાત આપી હતી જ્યારે **B.S.P.F.A.** સેવી સ્વરાજ **F.C.** ને 4-2થી હાર આપી હતી. આ ઉપરાંત અન્ય મેચમાં **S.A.G. F.A.** ઝેવિયસ યુનાઇટેડ **F.C.** ને 1-0 થી પરાજય આપ્યો હતો..

માસ્ટર **F.C.**એ કીક જેક **F.C.**ને 4-1થી હરાવ્યુ હતું.

---

## PORBANDAR CRICKET TEAM

આગામી સીઝન **2025-26** માટેની સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોશિયેશન દ્વારા આયોજીત અંડર-**23** ઈન્ટર ડિસ્ટ્રીકટ ત્રી-દિવસીય લીગની પ્રથમ મેચ **23**થી-**25** ઓગસ્ટ દરમિયાન પોરબંદર રૂરલ સામે અને બીજી મેચ ભાવનગર ડિસ્ટ્રીકટ સામે તા. **31**

**ઓગસ્ટ અને પહેલી બીજી સપ્ટેમ્બરે રમાશે. આ સ્પર્ધા માટે પોરબંદરની ટીમ જાહેર કરવામાં આવી છે. આ ટુર્નામેન્ટના તમામ મેચ પોરબંદરના ઐતિહાસીક ધી દુલીપ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાનાર છે.**

---

# RRU WORKSHOP

**આજે ગાંધીનગરના લવાડ સ્થિતિ રાષ્ટ્રિય રક્ષા શક્તિ યુનિવર્સિટી ખાતે ધ યુરોપિયન- સાઉથ એશિયન ઇન્વેસ્ટમેન્ટ આર્બિટ્રેશન બૂટ કેમ્પનું ઉ દ્ઘાટન કરાશે. આંતરરાષ્ટ્રીય સ્તરના આ બૂટ કેમ્પમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાદીશ જસ્ટિસ સૂર્યકાંત, ઇન્ડિયન એમ્બેસી સ્વિડનના ફર્સ્ટ સેક્રેટરી રાકેશ તિવારી તેમજ સ્વિડનની વિવિધ યુનિવર્સિટીના પ્રોફેસર પણ વર્ચ્યુઅલી જોડાઇને માર્ગદર્શન આપશે..**

---